# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-07-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

## GUJARAT RAIN

રાજ્યમાં આજે 73 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં જામનગરના જોડિયામાં સૌથી વધુ અઢી ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. જ્યારે જૂનાગઢનાં માંગરોળમાં દોઢ ઇંચ વરસાદ ખાબક્યો છે. મોરબીના ટંકારામાં પણ એક ઇંચ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં અત્યાર સુધી મોસમનો 52 ટકાથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે.

જળાશયોની સ્થિતિની વાત કરવામાં આવે તો રાજ્યના 44 જળાશય હાઇએલર્ટ પર છે જ્યારે 19 એલર્ટ પર છે. મોરબી તાલુકાનો ઘોડોધ્રોઈ ડેમ ઓવરફ્લો થતાં ડેમનો એક દરવાજો 1 ફૂટ સુધી ખોલવામાં આવ્યો છે. ત્યારે નિચાણવાળા વિસ્તારમાં આવતા લોકોને એલર્ટ રહેવા તાકીદ કરવામાં આવી છે. મોરબી તાલુકાના ચકમપર , ઝીકયારી, જીવાપર, જેતપુર (મચ્છુ) , રાપર, શાપર ,જસમતગઢ તેમજ માળીયા તાલુકાના સૂલનતાપુર, માણાંબા અને ચિખીલી સહિતના કુલ 10 ગામોને એલર્ટ કરાયા છે.

મહેસાણા જિલ્લામાં આવેલો ધરોઈ બંધ 75.14 ટકા ભરાયો છે. ડેમમાં જળ સ્તર 610.95 ફૂટે પહોંચ્યું છે . હાલ ડેમમાં પાણીની આવક 4 હજાર 258 ક્યુસેક છે. ડેમ 70 ટકા ભરાતા 4 જિલ્લાના કલેકટરને એલર્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં વરસાદ કારણે હાલ 33 માર્ગ બંધ કરવામાં આવ્યા છે.

. . . . . . . . . .

# CHOTA UDEPUR – ACCIDENT

છોટાઉદેપુર જિલ્લાના બોડેલીના પીઠા ગામ પાસે કાર ઝાડ સાથે અથડાતા એકનું મોત થયું છે જ્યારે 8 લોકો ઇજાગ્રસ્ત થયા. અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે વહેલી સવારે જૂનાગઢથી ખેત મજૂરોને મધ્ય પ્રદેશ જઈ રહેલી કાર ઝાડ સાથે અથડાતા આ અકસ્માત થયો હતો. ત્યારે ઇજાગ્રસ્તોને સારવાર અર્થે બોડેલી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડાયા હતા.

. . . . . . . . .

# SURAT –DANG -SAMIKSHA BETHAK

સુરત જિલ્લાના  પ્રભારી સચિવ રાજીવ ટોપનોના અધ્યક્ષસ્થાને સુરત શહેર-જિલ્લાના પુલો, જાહેર ઈમારતો, શાળા-કોલેજો, આંગણવાડી સહિતના મકાનોની સ્થિતિ અંગે સમીક્ષા બેઠક યોજાઇ. બેઠકમાં શ્રી ટોપનોએ કોઈ પણ બ્રિજ કે ઈમારતોના નિર્માણ સમયે ડિઝાઈનીંગ મુજબ બાંધકામના અસરકારક નિરીક્ષણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

**બીજી તરફ** ડાંગ જિલ્લાના પ્રભારી સચિવ  જયપ્રકાશ શિવહરેએ જિલ્લા માર્ગ, મકાન, અને પુલોની સ્થિતિ અંગે તાગ મેળવ્યો હતો.

. . . . . . . . .

# ARVALLI – BRIDGE INSPECTION

અરવલ્લી જિલ્લાના પ્રભારી સચિવ રૂપવંત સિંઘે ભિલોડા ખાતે હાથમતી નદી પરના બ્રીજનું નિરીક્ષણ કરી ચાલી રહેલી ચકાસણીની કામગીરી અંગે માહિતી મેળવી હતી.તેમણે ભારે વાહનો માટે ડાયવર્ટ કરવામાં આવેલા રૂટ અંગે ચર્ચા કરી હતી.

. . . . . . .

# MAHESANA – BAJARI KHARIDI

મહેસાણા જિલ્લાના મહેસાણા, ખેરાલુ, સતલાસણા, વિસનગર, વિજાપુર અને કડી ખાતેના ખરીદ કેન્દ્રો પર 15 મી જુલાઈ સુધી 9 હજાર 383 કિવન્ટલ બાજરીની ટેકાના ભાવે ખરીદી કરાઈ હતી.જેમાં 229 ખેડૂતોએ ભાગ લીધો હતો. ખેડૂતોને સરકાર દ્વારા અંદાજીત 1.81 કરોડનું ચુકવણું કરવામાં આવ્યું.

. . . . .

# GIR SOMNATH – DISASTER SHOW

ગીર સોમનાથ જિલ્લાની દુદાણા પ્રાથમિક શાળા ખાતે આપત્તિના સમય દરમિયાન ઉપયોગી સાધનોનું નિર્દેશન યોજાયું. રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળના સભ્યો દ્વારા વિવિધ બચાવ પ્રવૃત્તિઓ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા હતા.

. . . . . . . . .

# DANG MEGA JAN SURKSHA SIBIR

ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ભવાનદગડ સ્થિત ગ્રામ પંચાયત ખાતે બેંક ઓફ બરોડા, આહવા દ્વારા લીડ બેંક સેલના સહયોગથી વિશેષ મેગા જનસુરક્ષા શિબિરનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

શિબિરમાં પ્રધાનમંત્રી જનધન યોજના ( PMJDY), જીવન વિમા યોજના (PMJJBY), દુર્ઘટના વિમા યોજના (PMSBY), અને અટલ પેન્શન યોજના (APY) વિશે ગ્રામજનોને વિસ્તૃત માર્ગદર્શન અપાયું

મેનેજરશ્રીએ ડિજિટલ ફ્રોડ અને સાયબર સુરક્ષા અંગે પણ ગ્રામજનોને જાગૃત કર્યા હતા.

. . . . . . . .

# સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

...................................

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)